## ગુજરાત સમાચાર દૈનિક તા.૦૬/૦૨/૨૦૧૨

### જાહેર ખબર

# ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન

બ્લોક નં.–૧૦, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

## ફકત અનુસૂચિત જાતિના વ્યકિતઓ માટે

અનુસૂચિત જાતિના બેરોજગાર વ્યકિતઓને સ્વરોજગારી પૂરી પાડવાના હેતુથી રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીના સહયોગથી નીચે દર્શાવેલી યોજનાઓ અમલમાં લાવવા કોર્પોરેશને વિચારણા કરેલ છે. જેમાં રૂા. ૩૦,૦૦૦/– સુધીનું ધિરાણ કોર્પોરેશન ધ્વારા આપવામાં આવશે.

| ક્રમ | યોજનાનું નામ | યુનિટ | ધિરાણની મર્યાદા | વ્યાજનો દર |
|---|---|---|---|---|
| ૧ | મહિલા સમૃધ્ધિ યોજના (ફકત મહિલાઓ માટે) | ૧૫૦૦ | ૩૦,૦૦૦/– સુધી | ૪% |
| ૨ | માઈક્રો ક્રેડીટ ફાઈનાન્સ યોજના | ૧૫૦૦ | ૩૦,૦૦૦/– સુધી | ૫% |

આ યોજનાના અરજી પત્રક **આપવાની તથા ભરેલ અરજી પત્રક સ્વીકારવાની મુદત તા.૮/ ૨/૨૦૧૨ થી તા.૨૩/૨/૨૦૧૨** સુધીની રહેશે. આ યોજનાઓનો લાભ ફકત નીચે જણાવેલ યોગ્ય પાત્રતા ધરાવતા મૂળ ગુજરાતના વતની હોય તેવા અનુસૂચિત જાતિના વ્યકિતઓને જ આપવામાં આવશે. જેથી પાત્રતા ધરાવતા વ્યકિતઓએ **વેબસાઈટ www.sje.gujarat.gov.in** ઉપરથી તેમજ આ કોર્પોરેશન હસ્તકની સંબધિત **જિલ્લા મેનેજરશ્રીની કચેરીએથી સદર યોજનાઓ માટેનું નિયત અરજી પત્રક** ઉપર જણાવેલ તારીખ દરમ્યાન મેળવવાનું રહેશે તથા આ અરજીપત્રકમાં જ **અરજી કરી, સાધનિક કાગળો તથા જરૂરી આધારો સાથે આ કોર્પોરેશનની સબંધિત જિલ્લા મેનેજરશ્રીની કચેરીમાં જ નિયત સમય–મર્યાદામાં** કચેરી સમય દરમ્યાન પરત કરવાનું રહેશે.

(૧) અરજદારના કુટુંબની **વાર્ષિક આવક (વર્ષ ૨૦૧૦–૧૧ની) ગ્રામ્ય વિસ્તાર માટે રૂા.૪૦,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂા.૫૫,૦૦૦** થી વધુ ન હોવી જોઈએ.(૨) અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૨૧ વર્ષથી ઓછી નહી અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.(૩) વારસાગત ધંધા સિવાયના ધંધા માટે અરજદારે તાલીમ લીધેલ હોય તો, તેનું પ્રમાણપત્ર અરજી સાથે રજુ કરવાનું રહેશે.

અરજી પત્રકમાં પૂરેપુરી વિગતો સાથે આપેલ સુચનાઓ અને અરજી પત્રકમાં દર્શાવેલ શરતો વિગેરે વાંચી સમજીને લોન અરજી કરવાની રહેશે. **અધૂરી વિગતોવાળી, જરૂરી દસ્તાવેજોની પ્રમાણિત નકલ સિવાયની તથા નિયત કરેલ તારીખ બાદ આવેલ લોન અરજીઓ જિલ્લા મેનેજરશ્રીની કચેરી ધ્વારા સ્વીકારવામાં આવશે નહી.**

**વધુમાં જણાવવાનું કે ઉકત બન્ને યોજનાઓ માટેની અત્રેના કોર્પોરેશનની જુલાઈ–૨૦૧૦ની જાહેરાત અન્વયે જે અરજદારોએ અરજીફોર્મ ભરેલ હોય તેવા અરજદારોની અરજીઓ પણ વિચારણામાં લેવામાં આવનાર હોઈ, ફરીથી આ જાહેરાત અન્વયે તે અરજદારોએ અરજી કરવાની રહેતી નથી.**

**એમ.એ.નરમાવાલા,** આઈ.એ.એસ.
મેનેજીંગ ડીરેકટર

**જીતુભાઈ વાઘેલા**
ઉપાધ્યક્ષ

**ઝવેરભાઈ ચાવડા,** આઈ. એ. એસ. (નિવૃત્ત)
અધ્યક્ષ